# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષ : ૨૨ અંક : ૪ ઓક્ટોબર ૨૦૧૧ આસો ૨૦૬૭ સળંગ અંક : ૨૩૩

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જ્વલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ


## સમ્પાદકીય

**देवानां सख्यमुपसेदिम ।** (શુ. યજુ. ૨૫/૨)

વેદો ઇશ્વરનું નિઃશ્વસિત છે, જ્ઞાનનો ભંડાર છે, ઉત્તમ વિચારોની ખાણ છે. ઋષિઓએ ચિન્તનની એવી ધારા-નદી વહેવડાવી છે જેમાં ડૂબકી લગાવવાથી જીવ પવિત્ર બને છે. આપણો આ જ્ઞાન વારસો તપઃપૂત ઋષિઓની ભારતને અમૂલ્ય ભેટ છે.

ઋષિ પ્રાર્થના કરે છે કે હે દેવો ! અમે તમારી મૈત્રી પ્રાપ્ત કરવા શક્તિમાન બનીએ. દેવોની મૈત્રી મનુષ્ય જીવનને અન્ધકારમાંથી પ્રકાશને પંથે લઇ જાય છે. કવિ ન્હાનાલાલ કહે છે :

**અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા.**
**ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા.**

અજ્ઞાન મોટી-ઊંડી ખાઇ છે, તેમાંથી નીકળીને અમને જ્ઞાનમાર્ગે લઇ જા. મનુષ્ય જીવન હજી ય વહેમ અંધશ્રદ્ધા, રૂઢિગત જડ વિચારસરણીઓ, દ્વેષ, અસૂયા જેવી હલકી-તુચ્છ બાબતોમાં રમમાણ છે. તેમાંથી બહાર આવવાનો એકમાત્ર ઉપાય છે - આપણે અજ્ઞાનરૂપી અંધારા ઉલેચવાનાં છે, તેથી દેવોની મૈત્રી જરૂરી છે. દેવો એટલે જે પ્રકાશમાન છે તે (देवः दीपनात्) ઝળહળે છે, તારલા જેવા છે, તેની મૈત્રી કરીએ, તેના સંગમાં રહીએ, તેમના જેવું જીવન જીવતા થઇએ. જીવનું કલ્યાણ દેવોની સોબતથી જ થઇ શકે. કહેવાય છે કે सत्सङ्ग किं न करोति पुंसाम् । સત્સંગતિ મનુષ્યનું શું નથી કરતો, સત્સંગ મનુષ્યનો અખૂટ ખજાનો છે. આવી મૈત્રી કેળવાય તો જ પ્રાણીમાત્રનું જીવન શાન્તિમય, સુખમય બને. ચાલો, આપણે દીવાળીમાં મૈત્રી દીવો પ્રગટાવીએ અને પરસ્પર જીવન મ્હેકાવીએ. સૌને નૂતન વર્ષાભિનંદન !

संगच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।
देवाभागं यथापूर्वे संजानाना उपासते ।। (ઋ. સંજ્ઞાન સૂત્ર)

- નિરંજન પટેલ

## પ્રકાશના પર્વે : કુલપતિશ્રીની કલમે...

**વીજને ઝબકારે...**

અજવાળું-અંધારું, સંવાદ-વિસંવાદ, સફળતા-વિફળતા, જ્ઞાન-અજ્ઞાન, જીવન-મૃત્યુ, ચેતન-જડ, સત્ય-અસત્ય, શુભ-અશુભ, સુખ-દુઃખ, લાભ-ગેરલાભ, ગુણ-દોષ... આપણે સતત આવા પરસ્પર વિરોધી જોડકાંઓમાં જીવતા હોઇએ છીએ. ક્યારેક એવું લાગે કે બધે અજવાળું અજવાળું થઇ રહ્યું છે, તો ક્યારેક અંધારાના ઉંચા નીચા પહાડો તળે દબાઇ ગયા હોવાનો અનુભવ થાય... ક્યારેક આપણે ગગનગામી બની રહીએ છીએ... તો ક્યારેક સાતમા પાતાળમાં ઢબુરાઇ જઇએ છીએ.

આ સાપેક્ષતા પડછાયાની જેમ આપણને વળગેલી રહે છે. એ આપણો પીછો જ છોડતી નથી. આપણામાંના કેટલાક તો આ સાપેક્ષતાથી એવા ટેવાઇ જતા હોય છે કે એના અભાવમાં બેચેન બની જાય છે.

વ્યક્તિગત કે સમષ્ટિગત ભૂમિકાએ આ સાપેક્ષતાઓ વચ્ચે એક પ્રકારનું સંતુલન રચાતું હોય છે. આજનું રસાયણ ઓક્સિડેશન અને રિડક્શન બન્ને પ્રકારની પ્રક્રિયાઓ પ્રમાણે છે. ક્યારેક રેડોક્સ પ્રક્રિયાઓ પણ જોવા મળે છે. આ રીતે સૃષ્ટિના રહસ્યો ઉકેલવાની જીવનને બહેતર બનાવવાની મથામણ મનુષ્ય કરતો રહે છે.

સમગ્રતાની દૃષ્ટિએ આ સૃષ્ટિમાં કશું નકામું નથી. દરેકની જરૂર છે. પરંતુ ક્યાં કઇ વસ્તુની કેટલા પ્રમાણમાં જરૂર છે એનો વિવેક જરૂરી છે. વિવેક વગર તો અમૃત પણ વિષ પૂરવાર થાય.

મનુષ્ય જીવનમાં, સમાજ જીવનમાં કેટલાંક એવા મુહૂર્ત આવે છે જ્યારે આ વિવેક પ્રભાવક બને છે. એ મુહૂર્તોઓ પેલા પરસ્પર વિરોધી જોડકાંઓમાંથી અજવાળાનાં, સંવાદનાં, સફળતાનાં, જ્ઞાનનાં, ચૈતન્યનાં, સત્યનાં પરિબળો પ્રભાવક બને છે... આડા દિવસે જે કાર્ય સિદ્ધ કરતાં, જે સફળતા પ્રાપ્ત કરતાં ખૂબ વાર લાગે છે, એની મોટી કિંમત ચૂકવવી પડે છે. એ આવાં દૈવી મુહૂર્તોએ અલ્પ પ્રયત્ને શક્ય બને છે. એટલે જ તો વીજને ઝબકારે મોતી પરોવી લેવાનું હોય છે.

આ પ્રકાશના પર્વે આપણામાં આ વિધેયાત્મક બળોનો સંચાર થાય... આપણે ઉત્કૃષ્ટતાની આરાધના કરીએ... આપણા અધીતને હજુ વધારે તેજસ્વી બનાવીએ એવી શુભકામનાઓ...

**- પ્રો. હરીશ પાઢ**
કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી

# Teaching - Learning

સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશન,** વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન NCTE (WRC), ભોપાલના ચેર-પર્સન પ્રો. (ડૉ.) ડી. આર. ગોએલે **માપન અને મૂલ્યાંકન : પદ્ધતિઓ અને પ્રવિધિઓ**ના વિષય પર જી.સી.આર.ટી., ગાંધીનગર દ્વારા અનુદાનિત અત્રે સી.ટી.ઇ. પ્રોગ્રામ અંર્તગત યોજાયેલા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોના સેમિનારમાં વ્યાખ્યાન આપતાં શિક્ષક - પ્રશિક્ષણ ક્ષેત્રે થઇ રહેલાં પરિવર્તનોની વાસ્તવિક સમજ આપતી વિવિધ ઘટનાઓની શ્રૃંખલાબદ્ધ રજૂઆત કરી હતી.

સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશન**, વલ્લભ વિદ્યાનગરના **સી.ટી.ઇ. પ્રોગ્રામ** અંર્તગતઃ (૧) આણંદ જીલ્લાના માધ્યમિક શિક્ષકો માટે *ટેકનોલોજી ઇન્ટીગ્રેટેડ ટીચીંગ -લર્નીંગ પ્રોસેસ*ના જી.સી.આર.ટી., ગાંધીનગર અનુદાનિત ત્રિ દિવસીય સેમિનાર કોર્સ ડાયરેકટર (પ્રિ.) ડૉ. નાથુભાઇ પટેલના માર્ગદર્શન અને કોર્સ કો-ઓર્ડિનેટર ડૉ. ડી. જી. પટેલના સંકલન-આયોજન દ્વારા તા.૭, ૮, ૯ સપ્ટેમ્બરના રોજ યોજાઇ ગયો, જેમાં ૩૭ જેટલા શિક્ષકો સહભાગી થઇ વિવિધ તજ્જ્ઞો દ્વારા શૈક્ષણિક ટેકનોલોજી અને ઇન્ફરમેશન કમ્યુનિકેશન તથા ડીજીટલ ટેકનોલોજીના શાળેય શિક્ષણમાં વધતી જરૂરિયાતો અને શિક્ષકોની ટેકનોલોજી આધારિત વર્ગખંડ સંચાલનની ક્ષમતાઓ અને કૌશલ પર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનથી ત્રણ દિવસ તર્જ્જ્ઞ વક્તાઓએ સમજ રજૂ કરી હતી. તજ્જ્ઞો તરીકે પ્રિ.(ડૉ.) એન. આર. પટેલ, ડૉ. ડી. જી. પટેલ, ડૉ. એન.ડી. ભરૂચા, ડૉ. બી. એન. પંડયા, ડૉ. એ. જે. મેકવાન, પ્રા. ડી. એ. મહિડા, ડૉ. જે. બી. પટેલ, પ્રિ. આર. પી. જાડેજા, પ્રો. બી. બી. પટેલ અને ડૉ. ડી. યુ. પટેલે સેવાઓ આપી હતી.

(૨) તા. ૭, ૯, ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૧ના ગાળામાં **માપન- મૂલ્યાંકન પ્રકાર અને પ્રવિધિઓ** સેમિનારમાં ખેડા જીલ્લાના 30 જેટલા શિક્ષકો સહભાગી થયા, જેમાં વર્ગશિક્ષણમાં વિદ્યાર્થીઓનું વિવિધ વિષયો દ્વારા કઇ રીતે માપન કરવું અને વિદ્યાર્થીઓનું શિક્ષકો દ્વારા કઇ કઇ સંશોધન પદ્ધતિઓથી મૂલ્યાંકન કરવું તેની રીસર્ચ મેથોડોલોજી અને મૂલ્યાંકનની આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ દર્શાવી સમજ આપવામાં આવી હતી. કોર્સ ડાયરેકટર પ્રિ.(ડૉ.) નાથુભાઇ પટેલે ગણિત જેવા વિષયોમાં વિદ્યાર્થીઓનું આધુનિક શિક્ષણ પ્રણાલીમાં કઇ રીતે માપન અને મૂલ્યાંકન થઇ શકે ? આપણે માપન કે મૂલ્યાંકન કરવામાં કયાં ભૂલો કરીએ છીએ ? તેની અનેક વ્યવહારુ દ્દષ્ટાંતો અને વર્તમાન પ્રસંગોનો ઉલ્લેખ કરી સમજ આપી હતી, જયારે કોર્સ કો-ઓર્ડિનેટર ડૉ. જે. બી. પટેલે મૂલ્યાંકનની વિવિધ પદ્ધતિઓની કમ્પ્યુટર દ્વારા સમજ આપી હતી. સેમિનારમાં પ્રિ. રીટાબેન આર. પટેલ, ડૉ. દિવાન, ડૉ. ડી. જી. પટેલ, ડૉ. મંજૂબેન, ડૉ. મહેન્દ્રભાઇ અમીન વગેરેએ સેવાઓ આપી હતી.

As one of numerous innovative programmes of the **Waymade College of Education,** Vallabh Vidyanagar, a Workshop on **'Use of Concept Cartoons and Worksheets in Classrooms'** was organized at the College on 21st July '11. Teachers from various schools participated in the workshop. The workshop was based on the principles of participatory and elated teaching and learning. Fifty four participants actively constructed materials and made attempts to innovate.

Mrs. Madhuri Ravishankar, Principal of Vasantiben and Chandubhai Patel School, Vallabh Vidyanagar was the Guest of Honour for the Inaugural Session of the workshop. Prin. Madhuri Ravishankar inspired the in-service and pre-service teachers by focusing on Constructive Collaborative and Developmental Approach to education. She also appreciated the innovative programmes offered by Waymade College of Education. Dr. Sulabha Natraj, Principal of the College motivated the teachers to innovate in classrooms, and thereby, create a ripple effect of innovativeness in the society. The resource persons at the workshop were Ms Shamsha Emanuel and Ms Dipali Gandhi, faculty members at the college.

The workshop focused on the meaning of concept cartoons, its sources, uses and the cartooned styled features vis-a-vis classroom teaching. A range of worksheets and materials that can be used to create learner centered classrooms discussed at length. The participants also created their own carry-home materials. The workshop was participatory, illustrative and innovative in nature. The workshop focused on both the theory and practical of the Concept Cartoons and Worksheets.

The participants expressed their enthusiasm and willingness to conduct sessions based on concept cartoons. One of the participants, Ms. Kavita Acharya from Ankur Vidyalaya said, 'Yes, the workshop was useful. It will help me prepare materials for my class and solve many learning problems of students.' Another participant, a teacher, Ms. Hetal Shah from H. M. Patel English Medium School, Dharmaj expressed, "I will introduce at least two to three learning areas on concept cartoons and prepare worksheets according to the understanding I have acquired. I would like to come again for such workshop."

Ms. Mrunalini a teacher at Vraj Bhoomi International School, Mogar mentioned, "Excellent! I've learnt how

we can use cartoons as teaching aids. I would love to attend more such creative workshops". A group of teacher from V & C Patel School participated and the coordinator of the pre-primary section commented, "Yes, this was a new method of teaching. Cartoon workshop is unique in nature." This workshop was different and attractive. It will help us in schools. We are going to apply in our classrooms."

The designers, resource persons and coordinators of the workshop were Ms. Dipali Gandhi and Ms. Shamsha Emanuel, lecturers at Waymade College of Education.

Waymkaers have been striving towards excellence since the inception. With yet another but significant achievement **Waymade College of Education** (WMCE) has carved a niche for itself in the field of teacher education by **receiving the Certificate of Excellence for Innovative Educational Practices**. The sustained efforts of WMCE have percolated through the educational community that has come in contact with it and consequently these persistent efforts have finally been acknowledged by Intel. The journey of WMCE has been marked with landmarks in excellence. Each of these landmarks has thrown a challenge to the college, that is sustaining the credibility of what has been achieved.

Along with this status now there are other challenges entrusted to the College. The challenges are to develop further as a centre that demonstrates the efficacy of the use of ITC in Education, and to create a band of practitioners of ITC in Education. In its journey beginning from 2004, WMCE has come a long way to command the respect of institutions at the national as well as the international levels.

The felicitation ceremony was attended by Dr. C. L. Patel, Chairman-CVM; Principal S. M. Patel, Honorary Joint-Secretary - CVM; Prof. Pallavi Patel, the Dean of Faculty of Education - Sardar Patel University; Prof. Hari Desai, Director - CERLIP and other heads of institutions on the campus, Mr. Dharmesh Acharya, a representative of INTEL, and parents of students, teachers, research scholars. The dignitaries in their respective speeches lauded the efforts of WMCE and gave their heartiest regards for the achievement.

This event was accompanied by the **launching of the e-newsletter**, titled **Waymade Window**, by WMCE. The e-newsletter is a reflection of the persistence of the college in using ICT in Education. The highlights of the event were the speech of Prof. Sulabha Natraj, Principal, Waymade College of Education, who sopke about the progressive use of ICT at WMCE, the award ceremony, and the blessings and good wishes of Dr. C. L. Patel, Honorable Chairman-CVM.

## Research

અનુસ્નાતક બાયોસાયન્સીસ વિભાગના **પ્રોફેસર દત્તા મદમવારને** યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની UGC-BSR સ્કીમ અંતર્ગત વન ટાઇમ ગ્રાન્ટ ટુ ફેકલ્ટી પ્રોફેસર ઓફ સાયન્સ ડિપાર્ટમેન્ટ ઓફ વેરિયસ યુનિવર્સિટી પ્રાપ્ત થઇ છે. આ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ભારતની જે યુનિવર્સિટીઓના વિજ્ઞાનના વિષયોના Ph.Dના માર્ગદર્શકો પાસે ઓછામાં ઓછા ૧૫ વિદ્યાર્થીઓએ અને એમાં પણ છેલ્લા પાંચ વર્ષમાં પાંચ વિદ્યાર્થીઓએ Ph.D કર્યુ હોય, એમને આ વન ટાઇમ ગ્રાન્ટ એનાયત કરવા માટે નામાંકનો મંગાવ્યા હતા. યુ.જી.સી.એ સમગ્ર ભારતની કુલ ૮ યુનિવર્સિટીઓના Ph.D માર્ગદર્શકોને આ અનુદાન આપ્યું હતું. એમાં **સમગ્ર ગુજરાતમાંથી કેળવ પ્રો. ડૉ. દત્તા મદમવારને આ અનુદાન પ્રાપ્ત થયું છે.** આ અનુદાન ૭ લાખ રૂપિયાનું છે. અભિનંદન !

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીએ **ડૉ. મધુમતિ બોરા,** HOD BT/GT/BNF, NV Patel College of Pure and Applied Sciencesનો મેજર રીસર્ચ પ્રોજેક્ટ "Establishment and Moleculer Characterization of Resistance against Common Pathogen (psuedomonas aeruginosa) in Tomato (Lycopersicon esculentun) using relecled mycorrhizzal strains" ૩ વર્ષ માટે મંજૂર કર્યો છે. જે માટે રૂા. ૧૦,૦૯,૮૦૦/-નું અનુદાન મંજૂર કર્યું છે.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, પુનાએ **મીસીસ યાચના કુમારી ઝા** (બાયોટેકનોલોજી), એન.વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસનો માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ "Isolation and molecular phylogeny of plant growth promoting rhizobacteria and its effect on oryza Sativa under aboitic stress" બે વર્ષ માટે મંજુર કર્યો છે. જે માટે રૂા. ૨,૦૦,૦૦૦/- નું અનુદાન મંજૂર કર્યું છે.

BASF India Limited, Navi Mumbai એ બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીસના **ડૉ. આર. બી. સુબ્રમણ્યમ, એસોસીએટ પ્રોફેસરની** સંશોધન યોજના "An investigation on the effect of Pyroclostrobin on physiology and growth of Gossypioum hirsutum" મંજૂર કરી રૂા.૧,૩૯,૭૦૦/-નું અનુદાન મંજૂર કર્યું છે.

➤ ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક એનર્જી, મુંબઈએ અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગના પ્રોફેસર **ડૉ. એસ. જે. ભટ્ટની "NBHM Visiting Professorship"માટે બે વર્ષ માટે નિમણૂંક** કરી રૂા.૩,૬૦,૦૦૦/-નું અનુદાન મંજૂર કરેલ છે.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજના એસોસીએટ પ્રોફેસર આશુતોષ કાંતિલાલ યાજ્ઞિકે** ડૉ. જે. એચ. ખાન, પ્રોફેસર એન્ડ હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ ઇંગ્લીશ, સરદાર પટેલ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ મહાનિબંધ 'અ રીપ્રેઝન્ટેશન ઓફ આઇડેન્ટીટી, પાવર એન્ડ ફ્રીડમ ઇન જે.એમ. કૂત્સીઝ મેજર નોવેલ્સ'ને સરદાર પટેલ યુનિવર્સિટીએ સ્વીકારીને **પ્રા. યાજ્ઞિકને અંગ્રેજી સાહિત્યમાં ડોકટરેટની પદવીથી સન્માનીત કર્યા છે.** સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન તમામ વાણિજ્ય કોલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં ડોકટરેટની પદવી સૌપ્રથમ મેળવવાનું બહુમાન પણ ડૉ. આશુતોષ યાજ્ઞિક મેળવે છે.

## GOVERNANCE

**નવી નિમણૂંક**

**આચાર્ય : બબીતા અકીલ સૈયદ (બબીતા ત્યાગી)**

આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત **શ્રી પી.એમ. પટેલ કોલેજ ઓફ ઇલેકટ્રોનિકસ એન્ડ કોમ્યુનિકેશન**, આણંદ.

## Extension

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં છેલ્લા ૫ વર્ષથી સેવા બજાવતા **પ્રો. ડૉ. કે.વી.સોલંકી**ની નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ માટે **'સંધાન' (ઓલ ગુજરાત ઇન્ટીગ્રેટેડ કલાસ રૂમ)માં બિઝનેસ ઓર્ગેનાઇઝેશન મેનેજમેન્ટ વિષયના જોઇન્ટ સબજેકટ કો-ઓર્ડીનેટર તરીકે નિમણૂંક** કરવામાં આવી છે. તેઓ આ અંગે વિવિધ વિષયના નિષ્ણાતોને આમંત્રિતને જુદા જુદા વિષય (ટોપીકસ) અંગેનું જીવંત પ્રસારણ કરાવીને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા રસ ધરાવતી વ્યકિતઓને માહિતી પૂરી પાડશે.

➤ **એમ.બી.પટેલ કોલેજ ઓફ એજયુકેશન**, વલ્લભ વિદ્યાનગરમાં ગત તા. ૮ સપ્ટેમ્બરના દિવસે **શિક્ષકદિનની ઉજવણી**ના ભાગરૂપે આંતરકોલેજ **વિજયપદ્મ પરિવિવાદ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજોના ૨૨ જેટલા પ્રશિક્ષણાર્થીઓએ **'પ્રવર્તમાન સમયમાં શિક્ષક પસંદગી માટે શિક્ષક યોગ્યતા કસોટી (TET) આવકારદાયક છે.'** વિષય પર પક્ષ અને પ્રતિપક્ષ પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગો.જો. શારદામંદિરના પ્રિ. રીટાબેન પટેલ, અનુસ્નાતક સમાજશાસ્ત્રના વિભાગના પ્રો. હિતેશ પટેલ તેમજ એન.વી. પટેલ સાયન્સ કોલેજના પ્રા. યોગેશ પટેલે સેવાઓ આપી હતી. આ પરિવિવાદ સ્પર્ધામાં પ્રથમ ક્રમ આણંદ કોલેજ ઓફ એજયુકેશનના કૃપલ ડી. ક્રિશ્ચિયન એ પ્રાપ્ત કર્યો હતો. દ્વિતીય ક્રમ એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટના બ્રિજેશ પટેલ તેમજ તૃતીય ક્રમ એમ.બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના સાગર રોહિત, જયારે વિજયપદ્મ શિલ્ડ એમ.બી. પટેલ કોલેજ ઓફ એજયુકેશને પ્રાપ્ત કર્યો હતો.

➤ સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં કોલેજ અને જે.સી.આઇ. મિલ્કસીટી, આણંદ દ્વારા **આણંદ ઓપન વક્તૃત્વ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેનો વિષય **ભ્રષ્ટાચારને નાથવામાં લોકપાલબીલ અસરકારક નીવડશે ?** હતો. આ સ્પર્ધામાં કુલ ૧૭ થી વધારે સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના વિચાર રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. જયંતિભાઇ જે. રાણા, ડૉ. પ્રફુલ્લાબેન સી. અમીન, પ્રા. ધવલભાઇએ કામગીરી હતી. સ્પર્ધામાં વિજેતાઓનું ટ્રોફી તથા રોકડ પુરસ્કાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

➤ સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી.પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**માં તા.૧૫-૯-૨૦૧૧ના રોજ **સ્વામી વિવેકાનંદ આજના યુવાનો માટે આદર્શ વ્યકિત છે** આ વિષય પર **નિબંધ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ **આણંદ એજ્યુકેશન કોલેજ**માં ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘના નેજા હેઠળ **શૈક્ષણિક પ્રવચન કાર્યક્રમ** યોજાયો. શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજયુકેશન કોલેજનાં ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘના નેજા હેઠળ તા.૨૯-૯-૨૦૧૧ને ગુરૂવારના રોજ આણંદ કોલેજ ઓફ એજયુકેશન પ્રાધ્યાપક અને આણંદ એજયુકેશન કોલેજના પૂર્વ તાલીમાર્થી ડૉ. અભીપ્સાબેન કે જેઓ આણંદ એજયુકેશન કોલેજના ભૂતપૂર્વ તાલીમાર્થી છે તેઓના મુખ્ય વકતા પદે પેપર-૧ અંતગર્ત **કેળવણીની પ્રક્રિયા** વિષય પર શૈક્ષણિક પ્રવચન કાર્યક્રમ યોજાયો.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજમાં પ્રવચન શ્રેણી અંતર્ગત** તા.૩-૧૦-૨૦૧૧ને સોમવારના રોજ આણંદ કોલેજ ઓફ એજયુકેશનના ઇન્ચાર્જ આચાર્ય શ્રી દિવ્યેશભાઇ પટેલના મુખ્ય વકતાપદે પેપર-૨ અંતગર્ત **ભાવનાત્મક ક્ષેત્રના હેતુઓ** વિષય પર પ્રવચન કાર્યક્રમ યોજાયો.

➤ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા.૨૮-૯-૨૦૧૧ને બુધવારના રોજ પટેલ એમ.એસ.હાઇસ્કૂલ, વડોદના આચાર્યશ્રી ગોપાલભાઇ પટેલના મુખ્ય વકતાપદે પેપર-૩ અંતગર્ત **શિક્ષક સહાયકની ગુણાંકન યોજના** વિષય પર પ્રવચન કાર્યક્રમ યોજાયો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા.૪-૧૦-૨૦૧૧ને મંગળવારના રોજ આણંદ રોજગાર વિનિમય કચેરી જીલ્લા સેવા સદનના અધિકારી શ્રી એસ.આર.વિજયવર્ગીયના મુખ્ય વકતાપદે **SCOPE Centre Motivation** વિષય પર શૈક્ષણિક પ્રવચન કાર્યક્રમ યોજાયો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા.૧૪-૯-૨૦૧૧ને બુધવારના રોજ JCI Milkcityના સંયુકત ઉપક્રમે તથા હિન્દી ભાષા સાહિત્ય મંડળના નેજા હેઠળ **હિન્દી દિવસની ઉજવણી** કરવામાં આવી.

હિન્દી દિવસ નિમિત્તે હિન્દી વિષયની તાલીમાર્થીઓ માટે **રાષ્ટ્રભાષા હિન્દી કા મહત્વ સાંપ્રત પરિસ્થિતિ મેં** વિષય પર **નિબંધ લેખન સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે અનિતા મેકવાન, દ્વિતીય ક્રમે રમીલા રોહિત અને તૃતીય ક્રમે ભારતી પરમાર વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે આણંદ ઇન્સ્ટીટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝ ઇન આર્ટ્સના ઇન્ચાર્જ આચાર્ય ડૉ.અનુ મહેતા અને પ્રાધ્યાપિકા હેતલબેન પરમારે સેવા આપી હતી. વિજેતા બહેનોને JCI Milkcity દ્વારા શિલ્ડ આપવામાં આવ્યા.

➢ **ચારૂતર વિદ્યા મંડળ સેન્ટર ફોર ગાંધીયન સ્ટડીઝ** ના ઉપક્રમે તારીખ ૨જી ઓકટોબર, ૨૦૧૧ ના રોજ **ગાંધી જયંતિ** નિમિત્તે **ગાંધીજીની અર્ધ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

➢ તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત, **સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,** બાકરોલમાં તારીખ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૧ ના રોજ **હિન્દી દિવસની ઉજવણી** કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય વકતા તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના પ્રા.ડૉ. કમલેશભાઇ ત્રિવેદી હતા.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**માં ૧૪મી સપ્ટેમ્બર - **હિન્દી દિનની ઉજવણી** કરવામાં આવી. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. ડી. યુ. પટેલે હિન્દી દિનનું મહાત્મ્ય રજૂ કર્યું હતું. પ્રશિક્ષણાર્થી મકવાણા વનિતાબેને હિન્દી સાહિત્યનો પરિચય આપતા - ભકિતકાલ, રીતિકાલ, આધુનિક-કાલના સાહિત્યકારોની બૃહદ્ ચર્ચા કરી. પ્રશિક્ષણાર્થી ફ્લોરેન્સ તથા જીગરભાઇએ કબીરજીના દોહાનું ગાન કર્યું હતું. ડૉ. જયશ્રી દીક્ષિતે રાષ્ટ્રભાષાને લગતું કાવ્ય રજૂ કર્યું હતું. હિન્દી વિષયના અધ્યક્ષ પ્રા. સુભાષભાઇ મકવાણાએ સ્વરચિત કાવ્ય પ્રસ્તુત કર્યુ તથા સમગ્ર રાષ્ટ્રમાં અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ હિન્દી ભાષાના ઉપયોગ અંગે વિશદ્ જાણકારી પ્રસ્તુત કરી હતી. પ્રા. ઉષા શારડાએ સંવિધાનમાં હિન્દી ભાષાનો સ્વીકાર, અહિન્દી પ્રદેશોમાં હિન્દી શિક્ષણની આવશ્યકતાઓ, માધ્યમિક કક્ષાએ હિન્દી શિક્ષકના ગુણો, કર્તવ્યોની બૃહદ ચર્ચા કરી હતી. આ પ્રસંગે પ્રા. લક્ષ્મણભાઇ બલાત અને પ્રા. ડૉ. પ્રફુલ્લાબહેન અમીને પ્રસંગોચિત વકતવ્યો આપ્યાં હતાં.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તારીખ ૮-૯-૨૦૧૧ ના રોજ આણંદ એજ્યુકેશન કોલેજના નિવૃત્ત આચાર્યા ડૉ. મિનાક્ષીબેન શેલતના મુખ્ય મહેમાનપદે **વિશ્વ સાક્ષરતા દિનની ઉજવણી** કરવામાં આવી. આ દિન નિમિત્તે તાલીમાર્થીઓ માટે સૂત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪ વિષય આપવામાં આવ્યા હતા. સ્ત્રી સશકિતકરણ, પર્યાવરણ, સ્ત્રી ભ્રૂણ હત્યા અને સાક્ષરતા જેમાં સ્ત્રી સશકિતકરણના વિષયમાં પ્રથમ નંબરે મીના વર્મા અને દ્વિતીય નંબરે શીતલ રબારી, સ્ત્રી ભ્રૂણ હત્યા વિષયમાં પ્રથમ નંબરે પીનલ પટેલ અને બીજા નંબરે પીનલ રાઠોડ તથા સાક્ષરતા વિષયમાં પ્રથમ નંબરે દર્શના સિંગલ તથા બીજા નંબરે બિજલ પટેલ આવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપક ડૉ. બારૈયા, ડૉ. ધીરજભાઇ તથા ડૉ. પિનાકીનભાઇએ સેવા આપી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં ફેકલ્ટી એક્ષચેન્જ કાર્યક્રમ હેઠળ તારીખ ૨૪-૯-૨૦૧૧ ના રોજ આણંદ એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના એસોસિએટ પ્રોફેસર ડૉ. જયંતિભાઇ રાણાનો **બિનસાંપ્રદાયિકતા વિષયક પ્રવચન કાર્યક્રમ** યોજાયો.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં પ્રવચન શ્રેણી અંતર્ગત તારીખ ૨૩-૯-૨૦૧૧ના રોજ અમદાવાદ રેડક્રોસ સોસાયટીના પ્રોજેકટ ઓફિસર શ્રી વિજયભાઇ ચૌધરીની ઉપસ્થિતિમાં **થેલેસેમિયા નાબુદી અભિયાન માર્ગદર્શન કાર્યક્રમ** યોજાયો. સાથે જે ૨૭ બહેનોને દવાની જરૂરિયાત હતી તેને ડૉ. માલાબેન દ્વારા આપવામાં આવી અને એક બહેન જેને $ઈ_{૧૨}$ ની દવાની જરૂર હતી તેને પણ ડૉ. માલાબેન દ્વારા મદદ કરવામાં આવી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી.પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**માં **થેલેસેમિયા સ્ક્રીનીંગ ટેસ્ટ**નું આયોજન થયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદની રેડક્રોસ સોસાયટી દ્વારા કોલેજમાં ૫૮૫ જેટલા વિદ્યાર્થીઓએ આ ટેસ્ટ કરાવવામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ**માં **શિક્ષકદિન નિમિત્તે** ચાલુ વર્ષે એન.એસ.એસ. યુનિટ દ્વારા **વૃક્ષના છોડવાઓની સ્વયંસેવક વિદ્યાર્થીઓને વહેંચણી** કરવામાં આવી હતી.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ**ની **કબડ્ડી(ભાઇઓ)ની ટીમ** ચાલુ વર્ષે **સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચેમ્પિયન** બની. કબડ્ડીની ટીમમાં પટેલ નિરવ, પટેલ સાગર, પટેલ ચિરાગ, દીવાન ઇરફાન, પટેલ મૌનિક, પટેલ કિશન, વોરા સાહિલ, રાબોલિયા ભાવિક, પઠાણ સમીર, પટેલ કાર્તિક, રબારી અંકિત, વોરા ઇકરામએ

ભાગ લીધેલ હતો. આ કબડ્ડીની ટીમને ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર કિનાશ્રાબેન પટેલ તથા રાકેશભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી.પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ**, આણંદ ખાતે ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર તથા KCG અંતર્ગત **ચાલો કોલેજ અભિયાન** ઉપક્રમે ગુજરાત સરકારની KCG ટીમે કોલેજની મુલાકાત તા.૧૪-૯-૨૦૧૧ ના રોજ લીધી હતી. આ ટીમના સભ્યો ડૉ. જી. એસ. પિલ્લાઈ, ડૉ. દીનાબેન ચાંપાનેરીયા તથા ડૉ. નુસરતબેન કાદરી ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે KCG ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલ ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી. KCGના સભ્ય ડૉ. જી. એસ. પિલ્લાઈએ KCGની વિવિધ સપ્તધારા અંગેની વિગતવાર માહિતી આપી સૌને પ્રોત્સાહિત કર્યા. KCGના બીજા સભ્ય ડૉ. દીનાબેન ચાંપાનેરીયાએ પોતાના વકતવ્યમાં સંધાન, ઉદિશા તથા KCGના અન્ય કાર્યક્રમો અંગે માહિતી આપી હતી.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા.૧૩-૯-૨૦૧૧ના રોજ **ચાલો કોલેજે અભિયાન કાર્યક્રમ સંદર્ભે KCG ટીમે મુલાકાત લીધી.**

➢ KCG ટીમમાં ગાંધીનગર, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પ્રતિનિધિ શ્રીમતી લલિતાબેન અસારી, નવસારી નારણલાલા સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. સુનીલભાઈ નાયક તથા આણંદ એન. એચ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન,આણંદના આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ મુલાકાતે આવ્યા હતા.

➢ **એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન**, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના **રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) એકમ અંતર્ગત** તા.૧૨-૯-૨૦૧૧ના રોજ **રકતદાન શિબિર અને વ્યસન મુકિત કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન શિબિર કરમસદ શ્રી કૃષ્ણ હોસ્પિટલની એ.ડી. ગોરવાલા લેબોરેટરી અને લાયન્સ કલબ, કરમસદના સંયુકત ઉપક્રમે યોજાઈ હતી. ડૉ. ડી. જી. પટેલ, લાયન્સ કલબના શ્રી ભાનુભાઈ પટેલ, શ્રી પંકજભાઈ લીંબચીયા, શ્રી પ્રવિણભાઈ યાદવ, ડૉ. ક્રિશ્રા, ડૉ. મેઘા, ડૉ. શ્રુતિ અને ડૉ. અભિષેકની ટીમે સર્વે શિક્ષણાર્થિઓનું બ્લડ ગ્રૂપ, હીમો-ગ્લોબીન તપાસી, રકત અંગેની પાયાની સમજ આપી હતી. કુલ ૭૮ વિદ્યાર્થીઓનું રકત ગ્રૂપ તપાસી અને ૨૫ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા.૧૬-૯-૨૦૧૧ના રોજ મોરબીના પારેખ સંકુલ બ્રધર્સ, શ્રી શાંતિભાઈ ટી. પારેખનો પર્યાવરણ જાગૃતિ સંદેશ વિષય પર પ્રવચન કાર્યક્રમ યોજાયો.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ**, આણંદમાં **એન.એસ.એસ.ના ઉપક્રમે મહેંદી સ્પર્ધા અને કેશગુંફન સ્પર્ધા**નું આયોજન થયું હતું. કેશગુંફન સ્પર્ધામાં પ્રથમ ક્રમે વ્હોરા સમા, બીજા ક્રમે તબ્બસુમ, ત્રીજા ક્રમે ધોબી સ્વાતી બી. અને મહેંદી સ્પર્ધાના પ્રથમ વિજેતા ભાવના રાઠોડ બન્યા હતા.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા.૧-૧૦-૨૦૧૧ને શનિવારના રોજ **સરદાર પટેલ મેમોરીયલ, કરમસદની મુલાકાત**નું આયોજન કરવામાં આવ્યું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ સંચાલિત **આણંદ એજ્યુકેશન કોલેજ**માં તા. ૯-૯-૨૦૧૧ના રોજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદમંત્રી શ્રીમતિ જયોત્સનાબેનના મહેમાનપદે **શ્રી સત્યનારાયણની કથા** કરવામાં આવી.

➢ **Punita Rajpurohit, student of Department of Business Studies, won 3rd prize in Elocution Competition** organized by Sardar Patel University on the topic of **“Story of Sardar Vallabhbhai Patel’s Life”**. She also **won consolation prize** in debate competition organized by JCI Milk City, Anand on the topic **“Will Janlokpal Bill Prove Effective in Curbing Corruption?”** held on 13th September, 2011.

➢ **Department of Business Studies** organized a **Visit to ‘Museum’ and ‘Community Science Center’** of Sardar Patel University on 17-9-2011. Total 70 students attended the visit.

➢ **Department of Statistics** organized the first in the series of Value Education Programmes, a popular talk **“True significance of RAKSHA BANDHAN”** on 9th August, 2011. Two sisters, B. K. Arpitaben and B. K. Rupalben from Brahma Kumaris, Vallabh Vidyanagar, spoke on this occasion.

On 5th September, 2011 Students of first Semester enthusiastically took initiative and organized a two hour **‘Light’ programme** to build a healthy Student-Student and Student-Teacher Relationship.

➢ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ**, આણંદના એન.એસ.એસ. યુનિટના સ્વયંસેવકો અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓએ આણંદની અપંગ, અનાથ બાળકોને આશ્રય આપતી સંસ્થા **‘જોયલેન્ડ’ના બાળકો સાથે ૨૯ સપ્ટેમ્બરનો દિવસ પસાર કર્યો હતો.** આ સંસ્થાના બાળકોને એમણે રમતો રમાડી હતી, જરૂરી સાધન સામગ્રીનું વિતરણ કર્યું હતું.

➢ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ કોલેજ**માં તા. ૧૪-૯-૨૦૧૧ના રોજ **કે.સી.જી. નિયુક્ત ‘ચલો**

**કોલેજે અભિયાન'ની ટીમે મુલાકાત લીધી.** આ ટીમમાં ડૉ. એન. એમ. વશી અને ડૉ. કિશોરભાઇ નાયક તથા ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડિનેટર તરીકે આણંદ લૉ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય અપૂર્વ પાઠકે મુલાકાત લીધી હતી.

➢ રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લો કોલેજમાં 'ચાલો કોલેજ અભિયાન' અંતર્ગત કે.સી.જી. દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.** 'નૉલેજ કન્સોર્ટીયમ ઑફ ગુજરાત' શિક્ષણ વિભાગ તેમ જ ગુજરાત રાજ્ય દ્વારા પ્રયોજીત 'ચાલો કોલેજ અભિયાન' અંતર્ગત (શ્રીમતી લલીતાબેન અન્સારી, શ્રી પ્રો. ડૉ. એન. આર. પરમાર તેમ જ પ્રો. ડૉ. સુનીલ નાયક) ત્રણ સભ્યોની ટીમે તા. ૧૪-૯-૨૦૧૧ના રોજ લૉ કોલેજની મુલાકાત લીધી હતી.

---

અનુસંધાન પાન ૮ થી ચાલુ...

હવા ખાવાથી પેટ ભરાતું નથી; પરંતુ ખોરાક બરાબર હજમ થાય એ માટે હવા ખાવાની જરૂર હોય છે. તે જ પ્રમાણે એક પાઠ્યપુસ્તકને બરાબર હજમ કરવા માટે અનેક બીજાં પુસ્તકોની મદદની જરૂર પડે છે. આનંદની સાથે વાંચતા વાંચતા વાંચવાની શક્તિ ખબર ન પડે એ રીતે વધતી જાય છે; ગ્રહણશક્તિ, ધારણાશક્તિ અને વિચારશક્તિ સ્વાભાવિક રીતે બળ પ્રાપ્ત કરે છે.

પરંતુ આ માનસિક શક્તિનો હ્રાસ કરનાર નિરાનંદ શિક્ષણના હાથમાંથી બંગાળી શી રીતે છૂટવા પામે એ કેમે કર્યું સૂઝતું નથી.

વળી નીચળા વર્ગોમાં જે બધા શિક્ષકો ભણાવતા હોય છે તેઓને અંગ્રેજી ભાષા, ભાવ, આચાર, વ્યવહાર અને સાહિત્યનો પૂરો પરિચય હોતો નથી. તેમને નથી આવડતું હોતું સારું બંગાળી, નથી આવડતું હોતું સારું અંગ્રેજી. પરિણામે નાની ઉંમરે આપણે જે થોડું અંગ્રેજી શીખીએ છીએ તે એટલું તો ઓછું હોય છે અને એટલું ખોટું હોય છે કે, તેમાંથી કોઇ પણ પ્રકારનો રસ ખેંચી લેવો બાળકો માટે અસંભવિત બની જાય છે. માસ્તર પણ કહે છે, વિદ્યાર્થી પણ કહે છે, 'મારે રસનું કામ નથી, તાણીતૂસીને ગમે તેમ કરીને ગમે તે એક અર્થ કાઢી શકીએ એટલે ગંગા નાહ્યા; પરીક્ષામાં પાસ થઇ જવાય અને નોકરી પણ મળી જાય.'

તો પછી છોકરાઓના નસીબમાં બાકી શું રહ્યું ? જો માત્ર બંગાળી શીખ્યા હોત તો 'રામાયણ'-'મહાભારત' વાંચવા પામત; જો કંઇ જ ન ભણત તો રમવાની ફુરસદ મળત-ઝાડ પર ચડીને, પાણીમાં ભૂસકા મારીને, ફૂલ તોડીને, પ્રકૃતિમાતા ઉપર હજારો અત્યાચાર કરીને શરીરની પુષ્ટિ, મનનો ઉલ્લાસ અને બાલ્યપ્રકૃતિની પરિતૃપ્તિ પ્રાપ્ત કરી શકત. પણ અંગ્રેજી ભણવા જતાં ભણાયુંયે નહિ અને રમાયુંયે નહિ. પ્રકૃતિના રાજ્યમાં પ્રવેશ કરવાનો પણ વખત ન મળ્યો, સાહિત્યના કલ્પનાલોકમાં પ્રવેશ કરવાનાં દ્વાર પણ બંધ જ રહ્યાં. અંતરમાં અને બહાર જે બે ઉદાર અને ઉન્મુક્ત વિહારક્ષેત્ર રહેલાં છે, જેમાંથી મનુષ્યજીવન બળ અને સ્વાસ્થ્યનો સંચય કરે છે, જ્યાં નાનાવિધ વર્ણ, રૂપ, ગંધ અને અનેકવિધ ગતિ અને ગીતિ, પ્રીતિ અને પ્રફુલ્લતા સર્વદા હિલોળા લઇને આપણને સચેતન અને વિકસિત કરી દેવાનો પ્રયત્ન કરતાં હોય છે, તે બે માતૃભૂમિમાંથી દેશપાર કરીને હતભાગી બાળકોને ક્યા વિદેશી કારાગારમાં જંજીરમાં જકડીને રાખવામાં આવે છે ? ઇશ્વરે જેમને માટે પિતામાતાના હૃદયમાં સ્નેહસંચાર કર્યો છે, જનનીની ગોદ કોમળ બનાવી છે, જેઓ આકારમાં નાના હોવા છતાં આખા ઘરની બધી ખાલી જગ્યા પણ જેમને રમવા માટે ઓછી પડે છે, તેમને બાળપણ ક્યાં ગાળવું પડે છે ? વિદેશી ભાષાના વ્યાકરણ અને કોશમાં. જેમાં જીવન નથી, આનંદ નથી, અવકાશ નથી, નવીનતા નથી, હાલવાચાલવાને તલપુર જગ્યા નથી તેની અત્યંત શુષ્ક કઠિન સંકુચિતતામાં. આ રીતે તે કદી એ બાળકને માનસિક પુષ્ટિ, ચિત્તનો વિસ્તાર અને ચારિત્રની બલિષ્ઠતા પ્રાપ્ત થઇ શકે ? શું તે મોટો થઇને પોતાની બુદ્ધિ ચલાવીને કંઇ શોધી શકે, પોતાનું બળ વાપરીને બાધાને વટી જઇ શકે, પોતાના સ્વાભાવિક તેજપૂર્વક માથું ઊંચું રાખી શકે ? તે શું કેવળ ગોખતાં, નકલ કરતાં અને ગુલામી કરતાં શીખતો નથી ?

યૌવનમાં કાર્યક્ષેત્રમાં પ્રવેશ કરતાંવેંત જ્યારે જેની જરૂર પડે તે તરત હાથવગું મળી રહે એમ નથી હોતું. જીવનને યથાર્થ નિર્ભરયોગ્ય અને અત્યંત આવશ્યક વસ્તુઓ આપણા જીવનની સાથે સાથે જ વિકાસ પામતી જાય છે.

વિચારશક્તિ અને કલ્પનાશક્તિ જીવનના નિર્વાહ માટે બે અત્યંત આવશ્યક શક્તિઓ છે. જો સાચા માણસ બનવું હોય તો એ બે વસ્તુઓને જીવનમાંથી બાદ રાખ્યે નહિ ચાલે. એટલા માટે બાલ્યકાળથી જ વિચાર અને કલ્પનાનો અભ્યાસ જો ન રાખવામાં આવે તો કામની વખતે એ હાથમાં નહિ આવે.

એટલે, છોકરાને જો મારે ઉછેરીને માણસ બનાવવો હોય તો બાળપણથી જ મારે તેને માણસ બનાવવાનું શરૂ કરવું જોઇએ; નહિ તો તે બાળક રહેશે, માણસ બનશે જ નહિ. બાળપણથી જ કેવળ સ્મરણશક્તિ ઉપર બધો બોજો ન નાખતાં, સાથોસાથ યોગ્ય પ્રમાણમાં વિચારશક્તિ અને કલ્પનાશક્તિનો સ્વતંત્રપણે ઉપયોગ કરવાની તક આપવી જોઇશે.

બાળપણથી જો ભાષાના શિક્ષણની સાથે સાથે ભાવનું શિક્ષણ પણ મળતું રહે અને ભાવની સાથે સાથે આખું જીવન વ્યવસ્થિત થતું રહે તો જ આપણા જીવનમાં એક પ્રકારનું સાચું સામંજસ્ય સ્થાપન થઇ શકે; આપણે તદ્દન સ્વાભાવિક માણસ જેવા થઇ શકીએ અને બધી બાબતમાં બરાબર પ્રમાણ સાચવી શકીએ.

આપણે જે શિક્ષણ મેળવવા માટે જન્મથી માંડીને મથતા હોઇએ છીએ તે શિક્ષણ આપણને કેવળ કારકુનગીરી અથવા કોઇ એક ધંધાને લાયક માત્ર બનાવે છે, આપણા આખા દિવસના દૈનિક જીવનમાં તેનો કશો ઉપયોગ હોતો નથી, એ આજની શિક્ષણપદ્ધતિને કારણે અનિવાર્ય બની ગયું છે. એ માટે આપણા વિદ્યાર્થીઓને દોષ દેવો એ ખોટું છે. તેઓનું પુસ્તકોનું જગત એક બાજુએ હોય છે અને તેઓનું વસવાનું જગત બીજી બાજુએ હોય છે. એથી જ્યારે આપણે જોઇએ છીએ કે એક જ માણસ એક તરફ યુરોપીય દર્શન વિજ્ઞાન અને ન્યાયશાસ્ત્રમાં સારો પંડિત હોય છે, અને બીજી તરફ લાંબા કાળથી ચાલતા આવેલા વહેમોને જતનપૂર્વક પોષ્યા કરતો હોય છે, એક તરફ સ્વાધીનતાના ઉજ્જવળ આદર્શનો મોઢેથી પ્રચાર કરતો હોય છે, અને બીજી તરફ ગુલામીના લાખ્ખો ઝીણા ઝીણા તંતુઓના પાશમાં પોતાને અને બીજાને ક્ષણે ક્ષણે બાંધીને દુર્બળ બનાવતો હોય છે, કેવળ ધનોપાર્જન અને દુન્વચી ઉન્નતિ સાધવામાં જ રચ્યોપચ્યો રહેતો હોય છે, ત્યારે આપણને આશ્ચર્ય થતું નથી. કારણ, તેઓની વિદ્યા અને વહેવાર વચ્ચે એક પ્રકારનું સાચું દુર્ભેદ્ય અંતર હોય છે, બંને કદી સુસંલગ્નભાવે મળી શકે એમ હોતું નથી.

આપણા આ શિક્ષણની સાથે આપણા જીવનનું સામંજસ્ય સાધવું એ જ આજે આપણો સૌથી વધુ ધ્યાનનો વિષય બની ગયો છે.

અનુ. નગીનદાસ પારેખ

સૌજન્ય : 'રવીન્દ્રનાથ સાથે વાચનયાત્રા'- પૃ. ૧૨૯-૧૩૨

---

**દુઃખદ નિધન**

યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં (સી.ટી.ઇ. હોસ્ટેલમાં) સ્વીપર તરીકે ફરજ બજાવતા **શ્રી બાબુભાઇ લલ્લુભાઇ ચૌહાણ**નું ગુરુવાર તા. ૩-૧૧-૨૦૧૧ના રોજ થયેલ **દુઃખદ અવસાન** થયું છે. સદ્‌ગતના આત્માને ચિરશાંતિ મળે એવી પ્રાર્થના...

### રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ખાસ

# શિક્ષણની હેરફેર

જેટલું અત્યંત આવશ્યક હોય તેટલામાં જ પુરાઇ રહેવું, એ માનવજીવનનો ધર્મ નથી. આપણે કેટલેક અંશે આવશ્યકની જંજીરથી બંધાયેલા રહીએ છીએ અને કેટલેક અંશે સ્વાધીન. આપણો દેહ સાડા ત્રણ હાથમાં મર્યાદિત છે, પણ તેથી કંઇ બરાબર સાડા ત્રણ હાથનું જ ઘર બાંધીએ તે ન ચાલે. છૂટથી હરવાફરવા માટે પુષ્કળ જગ્યા રાખવાની જરૂર હોય છે, નહિ તો આપણા સ્વાસ્થ્યમાં અને આનંદમાં વાંધો આવે છે. શિક્ષણને પણ એ વાત લાગુ પડે છે. જેટલું કેવળ શિક્ષણ હોય, અર્થાત્ અત્યાવશ્યક હોય, તેટલામાં જ જો બાળકોને એકદમ પૂરી રાખીએ તો તેમનું મન કદી જોઇએ એટલું વિકસી શકતું નથી. અત્યાવશ્યક શિક્ષણની સાથે ઐચ્છિક વાચન ન ભેળવવામાં આવે તો બાળક સારી રીતે વિકાસ સાધી શક્તું નથી- પુખ્ત વયનું થવા છતાં બુદ્ધિની બાબતમાં તે ઘણે ભાગે બાળક રહી જાય છે.

પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણી પાસે લગારે વખત નથી. બને એટલી જલદી પરદેશી ભાષા શીખી લઇ, પરીક્ષા પસાર કરી નોકરીએ લાગી જવાનું છે. એટલે નાનપણથી જ ઊંચે શ્વાસે, ઝપાટાભેર, ડાબી કે જમણી બાજુ નજર પણ કર્યા વગર પાઠ ગોખ્યે જવા સિવાય બીજા કશા માટે વખત મળતો નથી. આથી છોકરાના હાથમાં કોઇ બહારની ચોપડી જોતાંવેંત જ ઝૂંટવી લેવી પડે છે.

બહારની ચોપડી મળે પણ ક્યાંથી બંગાળીમાં એવી ચોપડીઓ છે જ નહિ. વળી એ અભાગિયાઓને અંગ્રેજી પણ એટલું આવડતું નથી હોતું કે અંગ્રેજી બાલસાહિત્યની ચોપડીમાં પ્રવેશ પામી શકે.

આથી બંગાળીના છોકરાના નસીબમાં વ્યાકરણ, શબ્દકોશ અને ભૂગોળ સિવાય બીજું કશું જ બાકી રહેતું નથી. બીજા દેશોનાં બાળકો જે ઉંમરે નવા ઊગેલા દાંત વડે આનંદપૂર્વક શેરડીનો રસ ચૂસતા હોય છે, તે ઉંમરે બંગાળી છોકરા નિશાળની પાટલી ઉપર ધોતિયાની પાટલી સમેત બે સુકાયેલા પગ ઝુલાવતા ઝુલાવતા ફક્ત સોટી ખાતા હોય છે, માસ્તરની કડવી ગાળ સિવાય તેમાં બીજો કોઇ મસાલો મેળવેલો નથી હોતો.

એનું પરિણામ એ આવે છે કે પાચનશક્તિ બધી બાજુથી હ્રાસ પામે છે, પૂરતી રમતગમત અને યોગ્ય આહારને અભાવે બંગાળી બાળકનું શરીર જેમ અપુષ્ટ રહી જાય છે તેમ તેની માનસિક હોજરી પણ પુખ્ત થઇ શકતી નથી. આપણે ગમે એટલા બી.એ., એમ.એ. પાસ થઇએ છીએ, ઢગલાના ઢગલા પુસ્તકો ગળી જઇએ છીએ, પણ બુદ્ધિ જોઇએ એવી બલિષ્ઠ અને પરિપક્વ થતી નથી. આપણે જોરથી મૂઠી વાળીને કશું પકડી શકતા નથી, કશું જ સારી રીતે પહેલેથી છેલ્લે સુધી નિર્માણ કરી શકતા નથી. આપણા અભિપ્રાય, વાતચીત અને આચાર-અનુષ્ઠાન ઉંમરલાયક માણસના જેવાં હોતાં નથી. એટલે આપણે અત્યુક્તિ, આડંબર અને બડાશ વડે આપણું માનસિક દૈન્ય ઢાંકવાનો પ્રયત્ન કરીએ છીએ.

એનું મુખ્ય કારણ એ છે કે, નાનપણથી જ આપણા શિક્ષણની સાથે આનંદ ભળેલો હોતો નથી. કેવળ જે કંઇ અત્યંત આવશ્યક છે તે જ આપણે ગોખ્યા કરીએ છીએ. એ રીતે તો જેમ તેમ કામ ચાલે એટલું જ, પણ વિકાસ ન થાય.

અનુસંધાન પાન ૭ ઉપર...


## Subscribe Today

**Annual**

Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**

Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

**Lifetime Subscription in Foreign Exchange:**

US $ 100.00 € 75.00 £ 75.00

**Contact:** Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

*Sheel Shrutam* welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. **Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120.**

**Email: sheelshrutam@gmail.com**

Registered with the Registrar of Newspaper for India. Under No. G/AND-73 (B) Superscription PERIODICALS (S)

O. I. G. S. Book Post (Printed Matter)

If undelivered please return to :

The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India

*Sheel Shrutam :* A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
**Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar**

Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.